વર્ષ ૨૦૧૬-૧૭ નવી બાબત
આદિજાતિ વિસ્તાર પેટા યોજના તથા બિન આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસુચિત જનજાતિની આશ્રમશાળાઓમાં વિદ્યા સહાયકની જગ્યા મંજુર કરવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: અમશ/૨૦૧૬-૧૭/ન.બા.૩/ધ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૬/૦૫/૨૦૧૬

**વંચાણે લીધા :-**

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૬/૧૧/૨૦૧૫ના પત્ર ક્રમાંક: આવિ/આશા/ ૨/ફા.નં.૧૯૩૪/૨૦૧૫/૩૩૩૭ તથા કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૦૭/૧૧/૨૦૧૫ના પત્ર ક્રમાંક: આવિ/આશા/૨/ફા.નં.૨૦૩૫/૨૦૧૫-૧૬/૩૩૩૯ થી ૩૩૪

(૨) ક્રમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૦૧/૦૨/૨૦૧૬ના પત્ર ક્રમાંક: આવિ/આશા/ ૨/ફા.નં.૧૯૩૪/૨૦૧૬/૩૬૧

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૭/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૧૦/મં-૩/ધ

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૩/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:અમશ/૧૫૧૦/મં-૩/ધ

**પ્રસ્તાવના :-**

ભારત સરકારના બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ થી વર્ષ ૬ થી ૧૪ વર્ષ સુધીના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) થી ૬૨ આશ્રમશાળાઓમાં ધોરણ-૮ના વર્ગ શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૪)ના ઠરાવથી ૩૬૫ આશ્રમશાળાઓમાં ધોરણ-૮નો વર્ગ શરૂ કરવાની મંજુરી આપેલ છે. ભારત સરકારના બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ-૨૦૧૦ અન્વયે પ્રાથમિક શિક્ષણ ધોરણ-૧ થી ૭ના બદલે ધોરણ-૧ થી ૮ ગણવાની નક્કી કરેલ છે. જે અન્વયે ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં ધોરણ-૧ થી ૭ના બદલે ધોરણ-૧ થી ૮ની પ્રાથમિક શિક્ષણની નીતિ અમલમાં મુકવાનું ઠરાવેલ છે.

અનુસુચિત જનજાતિની આદિવાસી વિસ્તારની ૩૮૫ આશ્રમશાળાઓ અને બિન આદિજાતિ વિસ્તારની ૪૨ આશ્રમશાળાઓમાં ધોરણ ૮નો વર્ગ મંજુર થયેલ હોઇ તેમાં વિદ્યા સહાયકોની કુલ ૪૨૭ (૩૮૫ આદિજાતિ વિસ્તાર + ૪૨ બિન આદિજાતિ વિસ્તાર) જગ્યાઓમાંથી ૧૯ ફાજલ શિક્ષકો ઉપલબ્ધ હોઇ તે બાદ કરતાં કુલ ૪૦૮ (૩૬૬+૪૨) વિદ્યા સહાયકોની જગ્યાઓ ઉભી કરવા અંગેની માંગણી ક્રમાંક-૯૬ હેઠળની રૂ.૧૦૯.૮૦ લાખ અને માંગણી ક્રમાંક-૯૩ હેઠળની રૂ.૧૨.૬૦ લાખ મળી કુલ રૂ.૧૨૨.૪૦ લાખની નવી બાબતની દરખાસ્તને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે કુલ ૪૦૮ વિદ્યા સહાયકોની જગ્યાઓ પ્રવર્તમાન ફીક્સ પગારથી ઉભી કરવા અંગે આદિજાતિ વિસ્તારમાં ૩૬૬ વિદ્યા સહાયકો માટે રૂ.૧૦૯.૮૦ લાખ અને બિન આદિજાતિ વિસ્તાર માટે **રૂ.૧૨.૬૦ લાખ** મળી કુલ **રૂ.૧૨૨.૪૦ લાખની** નવી બાબતને નીચેની શરતોને આધીન વહિવટી મંજુરી આપવામાં આવે છે.

## શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે

(૬) સીધી ભરતી/ બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમો પ્રમાણે સીધી ભરતી/ બઢતીથી આવતી હોવાની શરતે તે રીતે ભરવા મંજુરી આપવામાં આવે છે.

(૭) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/03/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦03/જીઓઆઇ/૧૦(પા.ફા)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૮) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૯) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવરતામાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૦) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવરતમાન ભરતી નિયમો અનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૧) રાજ્ય સરકાર દ્વારા વખતો-વખત નિયત કાર્યભારણનોં ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૨) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પુરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીના રજુ કરેલ જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

વર્ષ ૨૦૧૬-૧૭ માટે <u>રૂ. ૩.૧૨.૬૦ લાખની</u> નવી બાબતનો ખર્ચ <u>માંગણી ક્રમાંક: ૯૩</u> આયોજન, મુખ્ય સદર:૨૨૨૫ અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર :૦૨ અનુ.આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, (૧૦) વીકેવાય-૧૭૬ આશ્રમશાળાઓ હેઠળ સમાવવા તથા <u>રૂ.૧૦૯.૮૦ લાખની</u> નવી બાબતનો ખર્ચ <u>માંગણી ક્રમાંક-૯૬</u> આયોજન, મુખ્ય સદર:૨૨૨૫ અનુ.જાતિ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨ અનુ.જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, (૧૦) વીકેવાય-૧૭૬ આશ્રમશાળાઓ હેઠળ સમાવવા ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૧/૦૪/૨૦૧૬ ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જ્યોતિ.કે.પટેલ )
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વ પ્રાયોજના અધિકારીશ્રીઓ
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.